# ગલ્ફની આર્થિક રાજધાની દુબઈ ખેદાનમેદાન

મુંબઈ જેમ ભારતની આર્થિક રાજધાની ગણાય છે, તેમ દુબઈ સમગ્ર મિડલ ઈસ્ટની આર્થિક રાજધાની ગણાતી હતી. દુબઈ વિશ્વભરમાં સોનાના વેપારનું મોટું કેન્દ્ર ગણાતું હતું. દુબઈ ફ્રી પોર્ટ હોવાને કારણે માત્ર ગલ્ફના દેશોની જ નહીં પણ યુરોપ અને દક્ષિણ એશિયાની આર્થિક લેવડદેવડનું મુખ્ય કેન્દ્ર દુબઈ હતું. ભારતના જ નહીં પણ દુનિયાભરના ધનકુબેરો દુબઈમાં મિલકતો ખરીદવામાં ગૌરવનો અનુભવ કરતા હતા. દુબઈના પામ જુમેરિયા નામના કૃત્રિમ ટાપુ ઉપર ભારતના ફિલ્મસ્ટારો, ક્રિકેટરો અને ઉદ્યોગપતિઓ આલીશાન બંગલાઓ ખરીદતા હતા. ભારતના સહેલાણીઓ માટે દુબઈ આકર્ષક વ્યવસ્થાને હચમચાવી નાખો છો. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક ધુમાડો નીકળતો હોય અથવા લક્ઝરી હોટલ નજીક કાટમાળ પડતો હોય તેની છબીઓ ઝડપથી વિશ્વભરમાં ફેલાઈ ગઈ છે. ઈરાનના વારંવારના હુમલાઓને કારણે એરસ્પેસ બંધ થઈ જવાને કારણે હજારો લોકો એરપોર્ટ પર કતારમાં ઊભા જોવા મળે છે કારણ કે પ્રવાસીઓ શહેર છોડવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

યુએઈ પરના ઈરાનના હુમલાઓ એક ગહન વિડંબના દર્શાવે છે. સંયુક્ત આરબ અમીરાત ઈરાન માટે એક આવશ્યક વેપાર પ્રવેશદ્વાર રહ્યું છે, ખાસ કરીને એવા સમયે જ્યારે તેહરાન આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હેઠળ છે. ઈરાન લાંબા સમયથી દુબઈનો ઉપયોગ વેપાર





ડેસ્ટિનેશન ગણાતું હતું. દુબઈની ટૂર ઉપર જે ભારતીયો જતાં તેઓ ત્યાંના ગગનચુંબી બુર્જ ખલિફાના અને સ્વચ્છતાનાં વખાણ કરતાં થાકતા નહીં. દુબઈ રાજકીય રીતે પણ સલામત માનવામાં આવતું હોવાથી ત્યાં દરેક પ્રકારના વેપારનો જબરદસ્ત વિકાસ થયો હતો.

**ઇરાને ગલ્ફના દેશોમાં આવેલાં અમેરિકન લશ્કરી થાણાંઓ ઉપર મિસાઈલો વડે હુમલો કર્યો તેમાં દુબઈ પણ નિશાન પર આવી ગયું છે**

વર્તમાન ઈરાન-ઈઝરાયેલ-અમેરિકાના યુદ્ધ દરમિયાન દુબઈની સેફ હેવન તરીકેની ઈમેજનો ભાંગીને ભુક્કો થઈ ગયો છે. ઈરાને ગલ્ફના દેશોમાં આવેલાં અમેરિકન લશ્કરી થાણાંઓ ઉપર મિસાઈલો વડે હુમલો કર્યો તેમાં દુબઈ પણ નિશાન પર આવી ગયું છે. દુબઈના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈરાનના મિસાઈલે વિનાશ વેરતાં દુબઈની મુલાકાતે ગયેલા હજારો ભારતીય સહેલાણીઓ દિવસો સુધી અટવાઈ ગયા હતા. ઈરાનનાં આક્રમણને કારણે દુબઈની રિયલ એસ્ટેટ માર્કેટમાં ૨૫થી ૩૦ ટકા સુધીનું ગાબડું પડી ગયું છે. ઈરાનના હુમલાઓમાં ચાર પાકિસ્તાની, નેપાળી અને બાંગ્લાદેશી નાગરિકો માર્યા ગયા હતા, જ્યારે ૧૧૭ અન્ય લોકોને થોડી ઈજાઓ થઈ હતી. ઘાયલોમાં યુએઈ, ઈજિપ્ત, સુદાન, ઈથોપિયા, ફિલિપાઈન્સ, પાકિસ્તાન, ઈરાન, ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, અઝરબૈજાન, યમન, યુગાન્ડા, એરિટ્રિયા, લેબનોન, અફઘાનિસ્તાન, બહેરીન, કોમોરોસ, તુર્કી, ઈરાક, નેપાળ, નાઈજીરિયા, ઓમાન, જોર્ડન અને પેલેસ્ટાઈનના નાગરિકોનો સમાવેશ થાય છે.

અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા શરૂ કર્યાનાં લગભગ બે અઠવાડિયાં પછી, ઈરાની મિસાઈલો અને ડ્રોને પશ્ચિમ એશિયાના દેશોને નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે. સંયુક્ત આરબ અમીરાત પર સૌથી વધુ હુમલો કરવામાં આવ્યો છે. અમીરાતના અધિકારીઓના જણાવ્યા અનુસાર, લડાઈ શરૂ થઈ ત્યારથી યુએઈ તરફ ૧,૭૦૦ થી વધુ મિસાઈલો અને ડ્રોન છોડવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના હવાઈ સંરક્ષણ દ્વારા અટકાવવામાં આવ્યા હતા. ગીચ વસ્તીવાળા શહેરના ઘણા ભાગોમાં ઓફિસો અને શેરીઓને નિશાન બનાવવામાં આવ્યા છે. આ બધા વચ્ચે દરેકના મનમાં પ્રશ્ન એ છે કે જો યુદ્ધ ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે છે તો પછી દુબઈને શા માટે નિશાન બનાવવામાં આવી રહ્યું છે? નિષ્ણાતો માને છે કે દુબઈ ફક્ત એક સરળ લશ્કરી લક્ષ્ય નથી. ઈરાની નેતાઓ તેને પશ્ચિમી આર્થિક વ્યવસ્થાનું પ્રતીક માને છે. જો તમે દુબઈને નિશાન બનાવો છો, તો તમે આખી



**ટાઈમ લાઈન**
-સંજય વોરા

કેન્દ્ર તરીકે કરે છે. ૨૦૨૪ માં ઈરાન અને યુએઈ વચ્ચેનો વેપાર લગભગ ૨૮ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો, જેના કારણે અમીરાત ચીન પછી ઈરાનનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર બન્યો હતો. જો કે, ઈરાને તાજેતરના હુમલાઓને ગલ્ફના દેશો ઉપર નહીં પણ અમેરિકા વિરુદ્ધ નિર્દેશિત ગણાવ્યા છે. ઈરાનના હુમલામાં ભૂગોળ પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. યુએઈ ઈરાનથી પર્સિયન ગલ્ફમાં માત્ર ૧૦૦ કિલોમીટર દૂર છે, જે તેને મિસાઈલો અને ડ્રોન માટે સૌથી સરળ લક્ષ્યોમાંનું એક બનાવે છે.

ઈરાનના મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ પશ્ચિમ એશિયામાં એક નવું માનવતાવાદી સંકટ ઊભું કર્યું છે. હુમલાઓના ડરથી હજારો વિદેશીઓ દુબઈ છોડી રહ્યા છે ત્યારે કૂતરા અને બિલાડી જેવા પાલતુ પ્રાણીઓને પણ રઝળતાં છોડી રહ્યા છે. કેટલાંકને લેમ્પપોસ્ટ સાથે બાંધેલા રાખવામાં આવ્યા હતા, જ્યારે અન્ય ખાલી એપાર્ટમેન્ટમાં મળી આવ્યા હતા. ઘણા પાલતુ પ્રાણીઓને પહેલાથી જ ભીડવાળા આશ્રયસ્થાનોની બહાર છોડી દેવામાં આવ્યા છે. પશુ બચાવ સંસ્થાઓને તેમના પાલતુ પ્રાણીઓ માટે મદદ માંગતા લોકો તરફથી એક જ દિવસમાં ૨૭ સંદેશા મળ્યા હોવાનો અહેવાલ છે. સ્વયંસેવકો કહે છે કે પહેલાંથી જ ભીડવાળાં આશ્રયસ્થાનોમાં વધુ પાલતુ પ્રાણીઓને સમાવવાનું વધુ મુશ્કેલ બની રહ્યું છે. બચાવ સંસ્થાઓ દુબઈમાં રસ્તાની બાજુના લેમ્પપોસ્ટ સાથે બાંધેલા અસંખ્ય પાલતુ કૂતરાં શોધી રહી છે, જેના કારણે આ શ્રીમંત વિદેશીઓની આકરી ટીકા થઈ રહી છે.


મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે દુબઈમાં સોનું ભારે ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ છે. ઈરાન યુદ્ધ પહેલાં ઘણા ભારતીયો ફક્ત સોનું ખરીદવા માટે દુબઈ જતા હતા પરંતુ હવે યુદ્ધને કારણે ત્યાં મુસાફરી કરવી મુશ્કેલ બની ગઈ છે. ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે દુબઈના ઝવેરીઓ નોંધપાત્ર ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે, જેના કારણે સોનાના શિપમેન્ટ પર અસર પડી છે. દુબઈમાં સોનું હાલમાં આશરે ૨૫ થી ૩૦ ડોલર પ્રતિ ઔંસના ડિસ્કાઉન્ટ પર ટ્રેડ થઈ રહ્યું છે. કોમેક્સ પર વર્તમાન દર ૫,૨૧૬ પ્રતિ ઔંસ છે. જો તમે દુબઈમાં સોનું ખરીદો છો તો તમને આશરે ૨૫ થી ૩૦ ડોલર પ્રતિ ઔંસનું ડિસ્કાઉન્ટ મળશે. ભારતીયો દુબઈથી આ સુરક્ષિત ધાતુની આયાત કરવાનું વિચારી રહ્યા છે.●



# ‘હેમ્લેટ’ એ માનવ સ્વભાવની જટિલતાઓને સમજવાનો એક અરીસો!

નાટક સ્વરૂપની જ્યારે પણ વાત કે ચર્ચા થાય ત્યારે વિલિયમ શેક્સપિયરનું નામ પહેલા આવે. શેક્સપિયરનું ‘હેમ્લેટ’ એ માત્ર એક નાટક નથી, પરંતુ માનવ મનોવિજ્ઞાન, નૈતિક મૂંઝવણ અને અસ્તિત્વના ફિલસૂફીનું એક અદ્ભુત મિશ્રણ છે. ચારસો વર્ષ પછી પણ, આ નાટક વિશ્વભરના રંગમંચ અને સાહિત્યના રસિયાઓ માટે અભ્યાસનો વિષય છે.

આ નાટક ડેનમાર્કના રાજકુમાર હેમ્લેટની આસપાસ ફરે છે. હેમ્લેટના પિતા, ડેનમાર્કના રાજાનું અચાનક અવસાન થાય છે અને હેમ્લેટના કાકા ક્લોડિયસ સિંહાસન પર બેસી જાય છે તથા હેમ્લેટની માતા ગર્ટ્રુડ સાથે લગ્ન કરે છે. જ્યારે રાજાનો આત્મા હેમ્લેટને મળીને જણાવે છે કે ક્લોડિયસે જ તેની હત્યા કરી છે, ત્યારે હેમ્લેટનું જીવન બદલાઈ જાય છે. બદલાની ભાવના અને નૈતિક મૂંઝવણ વચ્ચે અટવાયેલો હેમ્લેટ, ‘To be, or not to be’ (હોવું કે ન હોવું) ના પ્રશ્ન સાથે માનવ અસ્તિત્વની ચરમસીમાએ પહોંચે છે.




**તે આપણને શીખવે છે કે નિર્ણય લેવામાં વિલંબ અને સત્યની શોધમાં મનુષ્ય કેવી રીતે પોતાની જાતને ખોઈ બેસે છે. આ નાટકને માત્ર એક વાર્તા તરીકે નહીં, પણ માનવ મનના અનેક સ્તરોને સમજવાની પ્રક્રિયા તરીકે જોવું જોઈએ**

મોટાભાગના કરુણાંતિકા નાટકોમાં બાહ્ય સંઘર્ષ મુખ્ય હોય છે. હેમ્લેટમાં વાસ્તવિક યુદ્ધ હેમ્લેટના પોતાના મનમાં ચાલે છે. તેની નિર્ણયશક્તિનો અભાવ અને તેની બૌદ્ધિક ઊંડાઈ તેને એક વિશિષ્ટ હીરો બનાવે છે.

આ નાટક માત્ર હત્યા કે બદલાની વાર્તા નથી, પણ તે જીવન, મૃત્યુ, ધર્મ, નૈતિકતા અને ભ્રષ્ટાચાર વિશેનું એક દાર્શનિક નિરૂપણ છે. તેમાં જોવા મળતા સંવાદો અજોડ છે.

હેમ્લેટનું પાત્ર ‘બ્લેક એન્ડ વ્હાઈટ’ નથી. તે ક્યારેક અતાર્કિક છે, ક્યારેક ખૂબ જ તીક્ષ્ણ બુદ્ધિશાળી છે, તો ક્યારેક નિર્દય. આ જટિલતા પ્રેક્ષકોને નાટક સાથે બાંધી રાખે છે.

આ નાટકમાં નાટકની અંદર નાટક ભજવાય છે. પોતાની નિર્દોષતા સાબિત કરવા અને ક્લોડિયસની પ્રતિક્રિયા જાણવા હેમ્લેટ જે નાટક ભજવે છે, તે સાહિત્યિક દ્રષ્ટિએ ખૂબ જ ક્રાંતિકારી પદ્ધતિ હતી.

હેમ્લેટનું મંચન કરવું એ કોઈ પણ અભિનેતા કે દિગ્દર્શક માટે એક મોટી કસોટી છે. હેમ્લેટના પાત્રની માનસિક અવસ્થાઃ અભિનેતાએ હેમ્લેટના પાગલપણાના ડોળ અને તેની વાસ્તવિક હતાશા વચ્ચેનું પાતળું અંતર સમજવું પડે છે. તેણે માત્ર સંવાદો બોલવાના નથી, પણ તે સંવાદો પાછળનો ‘મૌન’ અને ‘અસમંજસ’ વ્યક્ત કરવાનો છે.

શેક્સપિયરની ભાષામાં ‘આયામી લય’ હોય છે. અભિનેતાએ કવિતાની લય અને નાટકીય અભિવ્યક્તિ વચ્ચે સંતુલન જાળવવું પડે છે, જેથી પ્રેક્ષકોને સંવાદો કંટાળાજનક ન લાગે.

હેમ્લેટ એક વિચારશીલ પાત્ર છે. લાંબા મોનોલોગ્સ દરમિયાન અભિનેતાના ચહેરાના હાવભાવ અને આંખોનું કામ ખૂબ મહત્વનું છે. આજે આધુનિક યુગમાં હેમ્લેટને કયા સંદર્ભમાં મૂકવો (દા.ત. આધુનિક રાજકારણ કે કોર્પોરેટ જગત), તે નક્કી કરવું અત્યંત મહત્વનું છે. અતિશય પ્રયોગશીલતા નાટકની મૂળ ભાવનાને નુકસાન ન પહોંચાડે તેનું ધ્યાન રાખવું જોઈએ.

હેમ્લેટ ભલે મુખ્ય પાત્ર હોય, પરંતુ ઓફેલિયાનું ગાંડપણ, પોલોનિયસની ચાલાકી અને ક્લોડિયસનો અપરાધભાવ પણ એટલા જ સક્ષમ રીતે મંચ પર ઉભરવા જોઈએ.

હેમ્લેટ આપણને શીખવે છે કે જ્યારે વ્યક્તિ સત્ય અને જૂઠ, બદલો અને ક્ષમા, જીવન અને મૃત્યુની વચ્ચે ઊભી હોય, ત્યારે તે કેટલી લાચાર બની શકે છે. એક કલાકાર તરીકે, આ નાટકને મંચ પર લાવવું એ એક આધ્યાત્મિક અનુભવ જેવું છે, જ્યાં દરેક અભિનેતાને પોતાની અંદરના ‘હેમ્લેટ’ને શોધવાની તક મળે છે.

સૌથી મોટો અને ભાવુક ઈત્તેફાક એ છે કે વિલિયમ શેક્સપિયરના એકમાત્ર પુત્રનું નામ ‘હેમનેટ’ (Hamnet) હતું. ૧૫૯૬માં જ્યારે હેમનેટનું માત્ર ૧૧ વર્ષની વયે અવસાન થયું, ત્યારે શેક્સપિયર અત્યંત શોકમાં હતા. આ ઘટનાના થોડા વર્ષો બાદ તેમણે ‘હેમ્લેટ’ નાટક લખ્યું. ઘણા વિદ્વાનો માને છે કે નાટકમાં પિતા અને પુત્રના સંબંધો તથા મૃત્યુનો જે ઊંડો શોક જોવા મળે છે, તે શેક્સપિયરના પોતાના અંગત દુઃખનું પ્રતિબિંબ હોઈ શકે છે. ‘હેમનેટ’ અને ‘હેમ્લેટ’ નામના અક્ષરો પણ લગભગ સમાન છે.

એક લોકપ્રિય માન્યતા અને ઈત્તેફાક એ છે કે જ્યારે ‘હેમ્લેટ’ નાટકનું મૂળ મંચન થયું હતું, ત્યારે હેમ્લેટના પિતાના ‘આત્મા’ (Ghost)નું પાત્ર ખુદ વિલિયમ શેક્સપિયરે ભજવ્યું હતું. એટલે કે, કવિ પોતે જ પોતાના દ્વારા રચિત પાત્રના ‘આત્મા’ બનીને મંચ પર આવ્યા હતા.

**કર્ટનકોલ**



ઘણાને લાગે છે કે શેક્સપિયરે આ નામ પોતાની કલ્પનાથી રાખ્યું હશે, પરંતુ એવું નથી. ૧૨મી સદીના ડેનિશ ઈતિહાસકાર સેક્સો ગ્રામમેટિકસે ‘એમલેથ’ (Amleth) નામના એક રાજકુમારની વાર્તા લખી હતી. શેક્સપિયરે આ જૂની લોકવાર્તાને આધાર બનાવી હતી. અહીં એક ઈત્તેફાક એ છે કે ‘Amleth’ ના અક્ષરોને થોડા ઉલટાવીએ તો ‘Hamlet’ બની જાય છે. થિયેટરની દુનિયામાં હેમ્લેટ નાટક સાથે ઘણી અંધશ્રદ્ધાઓ જોડાયેલી છે. એવું માનવામાં આવે છે કે આ નાટક મંચન કરતી વખતે ઘણીવાર વાસ્તવિક દુર્ઘટનાઓ બની છે. દાખલા તરીકે, ૧૯મી સદીમાં એક પ્રયોગ દરમિયાન, જ્યારે હેમ્લેટના પિતાના આત્માવાળા દ્રશ્યમાં સાચી તલવારનો ઉપયોગ થયો હતો, ત્યારે એક અભિનેતાનું આકસ્મિક મૃત્યુ થયું હતું. ત્યારથી ઘણા થિયેટર કલાકારો આ નાટકને ‘અનલકી’ માને છે.

હેમ્લેટનું સૌથી પ્રખ્યાત સંવાદ ‘To be, or not to be’ નાટકના બીજા અંકમાં આવવું જોઈતું હતું, પરંતુ શેક્સપિયરે તેને ત્રીજા અંકમાં મૂક્યું. જો તે બીજા અંકમાં હોત, તો નાટકનો આખો પ્રવાહ અને હેમ્લેટનું પાત્ર આજે આપણે જોઈએ છીએ તેના કરતા સાવ અલગ હોત. આ ફેરફાર નાટકની ગતિ અને તણાવને જાળવી રાખવા માટે એક કલાત્મક નિર્ણય હતો, જેણે નાટકને અમર કરી દીધું.

તે આપણને શીખવે છે કે નિર્ણય લેવામાં વિલંબ અને સત્યની શોધમાં મનુષ્ય કેવી રીતે પોતાની જાતને ખોઈ બેસે છે. આ નાટકને માત્ર એક વાર્તા તરીકે નહીં, પણ માનવ મનના અનેક સ્તરોને સમજવાની પ્રક્રિયા તરીકે જોવું જોઈએ.●

અનુસંધાન પાના એકનું

## કબીરા ખડા બજાર મેં

થતી રહે છે. એકમેકના દેશના માછીમારોને પકડીને લાંબો સમય સુધી જેલમાં રખાય છે. દુશ્મન દેશોમાં આ કામ કિન્નાખોરીના કારણે થતું હોય છે.

સમુદ્રકાંઠાથી બાવીસ કિલોમીટર (લગભગ) અથવા બાર નોટીકલ માઈલ સુધી કાંઠાના દેશનો પૂર્ણ અધિકાર હોય છે. એ સરહદ ગણાય. હવે ઈરાન અને ઓમાન બંને માટે હોરમઝની સામુદ્રધની મજીયારી ગણાય. અહીં દરિયાઈ માર્ગ બાર માઈલની હદમાં આવી જાય. આથી ઈરાનની ઈચ્છા ન હોય તો બીજા દેશોનાં જહાજોની અવરજવર પર રોક લગાવી શકે. અહીં તો ઓમાન પણ ઈરાનનો મિત્ર દેશ છે. ઈરાનના નવા વડા મુસ્તફા ખામેનીએ હોરમઝ મુખને બંધ રાખવાનો નિર્ધાર પદગ્રહણ કર્યા પછીના દિવસે જાહેર કર્યો છે. ચીનના અને કદાચ ભારતનાં જહાજોની અવરજવર ચાલુ રખાશે. પરંતુ તેમ છતાં જળમાર્ગ વ્યવહાર ચાલુ નહીં રહે. ક્યા દેશ તરફથી ટોર્પિડો કે મિઝાઈલ આવી પડે તે કહી શકાય નહી. અમેરિકા અને ટ્રમ્પની ઈચ્છા ચીનને આગળ વધતું અટકાવવાની છે. હોર્મુઝ દરવાજો જેટલો લાંબો સમય બંધ રહે એટલું ચીનને નુકસાન છે, ભારનતે પણ છે. બન્નેએ રશિયા પર આધાર રાખવાનો રહે છે. રિલાયન્સના મુકેશ અંબાણી અમેરિકામાં સૌથી મોટી તેલ રિફાઈનરી સ્થાપવાના છે અને બીજી તરફ રશિયા પાસેથી, અમેરિકાની અનુચતિના પગલે, વિશાળ માત્રામાં તેલ ખરીદવાનો કરાર કર્યો છે. હમણાં યુદ્ધના સમયમાં આવા સમાચારો વધુ સાંભળવા મળશે. જીઓ પોલિટિકસની સ્થિતિ બદલાઈ જાય અને તદ્દન નવી સ્થિતિ અચાનક આવી ચડે. તેમાં ઘણી વખત સારૂં થાય અને ખરાબ થાય. ભૂતકાળમાં યુદ્ધોને કારણે વેપારની તરાહો અચાનક બદલાઈ ગઈ અને જામી ગયેલા શ્રીમંતો અચાનક ગરીબ થઈ ગયા અને ગરીબ વેપારીઓ અચાનક શ્રીમંત બની ગયા હોય તેવા પારાવાર ઉદાહરણો છે. અગાઉ કપાસના અને ખાદ્યચીજોના વેપાર-વણજમાં આવી સ્થિતિઓ ખૂબ પેદા થતી.

હાલના યુદ્ધની સૌથી માઠી અસર ચીન પર પડશે. જો કે યુદ્ધના પ્રારંભ પછીના છ દિવસમાં અમેરિકાએ લગભગ બાર અબજ ડૉલર ખર્ચી નાખ્યા છે. ઈઝરાયલે ખર્ચ્યા એ જૂદાં ઈરાનનું અર્થતંત્ર અણુ અને મિઝાઈલ કાર્યક્રમ, શસ્ત્રો વગેરેમાં ચીન અને રશિયા જ ઈરાનને મદદ કરી રહ્યા હતા. જો કે હાલનાં યુદ્ધમાં બન્ને દેશોએ સારી શિખામણ આપવા સિવાય ખુલ્લા ખુલ્લા ઈરાનની પડખે ચડ્યા નથી. ચીન પોતાની જરૂરિયાતનો ત્રીસ ટકા ગેસ અને ચાલીસ ટકા ઓઈલ હોર્મુઝના મુખ રસ્તે આયાત કરે છે. ઈરાનમાં બધો સામાન મળે છે તે ચીનમાં નિર્માણ પામ્યો હોય છે. ઈરાન પોતે જ આગના મકાનમાં વસે છે. જો તે અન્ય દેશોના તેલ, ગેસ અને કાર્ગો જહાજોને દરિયાઇ સુરંગો, આક્રમણોકારી હોડીઓ, જહાજ વિરોધી મિઝાઈલો વડે તોડી પાડે, ડૂબાડી દે તો ઈરાનનાં પોતાનાં તેલ-ગેસના જહાજો વગેરે આ માર્ગેથી જ પસાર થાય છે. બીજા દેશો તેઓને પણ નિશાન બનાવી શકે. ઈરાન સામે બીજા આરબ દેશો એક થઇ ગયા છે. અમેરિકાની શેહમાં આવીને તેઓ એક થયા છે. ઈરાને તેઓની ઓઈલ ફેસેલિટીઓને ડ્રોન્સ અને મિઝાઈલો વડે નિશાન બનાવી છે. ભારત આવતા જહાજ હૂમલો કરીને બે ભારતીય કર્મચારીઓનો ભોગ લીધો છે. ગલ્ફના દેશો અને જગતના તેલ ઉદ્યોગના માંધાતાઓને અમેરિકાના પ્રમુખે ખાતરી આપી હતી કે તેલનાં જહાજો સાથે અમેરિકન સેનાના એસ્કોર્ટ્સ અથવા સશસ્ત્ર વળાવિયા જહાજો પૂરાં પડાશે. પણ ટ્રમ્પ હવે તે ભૂલી ગયા છે. કદાચ શક્ય નહીં હોય અને નિરર્થક પણ હોય. તેલના જહાજો પરના અમુક હૂમલાઓને ખાળી શકાયા છે, પરંતુ બધા હૂમલા ખાળી શકાય નહીં. હાલમાં અમેરિકાની ઈચ્છા જણાય છે કે ઈરાનની તમામ મિઝાઈલો અને ડ્રોન્સનો ખાતમો બોલાવી દેવો જેથી ના રહે વાંસ, ના બજે બાંસુરી, પણ આમ કરવામાં ઘણો સમય લાગી જાય. ત્યાં સુધી અથવા તો યુદ્ધ પુરૂં થાય ત્યાં સુધી વિશ્વનું અર્થતંત્ર મંદીમાં ઘૂસેલું રહેશે અને બહાર નિકળવામાં ઘણો સમય લાગે જશે. જો કે અમુક દેશના જહાજો સાહસ ખેડીને તેલ-ગેસની ખેપ મારી આવે છે. આ લખાઈ રહ્યું છે ત્યારે ભારતીય કપ્તાન સંચાલન હેઠળ એક તેલ ટેન્કર મુંબઈ આવી પહોંચ્યું. એમના વિષે મિડિયામાં પ્રસંશા થઇ તે ઘટના જ બતાવે છે કે આવનારા દિવસો મુશ્કેલ હશે. હાલમાં જ સર્વત્ર ગેસના વધારાના સિલિન્ડરોની તજવીજ કરવામાં લોકો લાગી ગયા છે.


ભારત પાસે રશિયન, ગેસનો વિકલ્પ છે એટલે વાંધો નહીં આવે. જો કે ભાવ અને ઓવરઓલ મોંઘવારી વધશે. ગેસ અને તેલ નહીં મળવાથી કે મોંઘા મળવાથી લગભગ તમામ ઉદ્યોગોને જબરો ફટકો પડશે. પરંતુ એક વાત યાદ રાખવા જેવી છે કે ટ્રમ્પ ખૂબ મોટું આર્થિક નુકશાન ઉઠાવવામાં માનતાં નથી. તેરમા દિવસ સુધીમાં ક્રુડ ઓઈલ અને ગેસની સપ્લાય ચેઈન અગાઉ કયારેય ખોરવાઈ ન હતી એટલી હદે ખોરવાઈ છે. ઈરાન તો હજીય પડકારો ફેંકતું રહે છે. નાયબ વિદેશમંત્રી માજીદ તખ્તરે વાંચીને પૂછવામાં આવ્યું તે ઈરાને હોર્મુઝમાં દરિયાઈ સુરંગો બીછાવી છે તો જવાબમાં એ બોલ્યા કે અમે પાકું કરવા માગીએ છીએ કે ભવિષ્યમાં કોઇ ઈરાન પર આક્રમણ કરવાની હિંમત ન કરે. ભુતકાળમાં પણ હોર્મુઝ સ્ટ્રેટ પરના આધિપત્યનો દુનિયાને બ્લેકમેલ કરવા માટે ઈરાને ઉપયોગ કર્યો હતો. પરંતુ આ વખતે અમેરિકા -ઈઝરાયલ સામે સીધી લડાઈ ચાલી રહી છે. આમેય અનેક પ્રકારના આંતરિક અને બાહ્ય માર ખાઈને ઈરાન મરણિયું બન્યું છે. સાવ એકલું પડી ગયું છે. એમ વિચારતું જણાય છે કે અમે હોર્મુઝની ખાડીમાં ડૂબી જઈશું અને દુનિયાને પણ ડૂબાડી દઈશું. હું મરૂ પણ તને વિધવા કરૂં. પરંતુ સમય બદલાયો છે. આજ કોઇ વિધવા રહેતું નથી. ઈરાન પોતાને લગતા ઊંચા ખ્યાલોથી પીડાઈ રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ કહે છે કે તેલ-ગેસની ઊંચી કિંમતો બદલે શૈતાની શાસનનો અંત લાવવા બાબતે વધુ વિચારશક્તિ અને સમયશક્તિ આપવાની જરૂર છે. ઘણા ઈરાનીઓ ઈચ્છે છે કે અમેરિકા સામે ઈરાન જીતે, પણ જીતે પછી શું? એ ડર પણ એમને સતાવી રહ્યો છે.

ચીનની માફક ભારત પણ જરૂરતના ચાલીસથી પીસ્તાલીસ ટકા તેલ-ગેસ ગલ્ફના દેશો ઈરાક, સાઉદી અરેબિયા, યુએઈ, કુવૈત પાસેથી ખરીદે છે. ઈરાન પાસેથી વરસે પ્રમાણાં મામૂલી રકમ, આઠસોથી સાડા આઠસો કરોડ રૂપિયાનું તેલ 2024માં ભારતે ખરીદ્યું હતું. પરંતુ અખાત દેશો પાસેથી ખરીદાતું તેલ હોર્મુઝના દરવાજામાંથી નિકળી ભારતમાં આવે છે. નવી સ્થિતિનો ખરાબ પ્રભાવ પડી શકે છે, પરંતુ ભારત સરકાર અને ભારતના વેપારીઓ ખૂબ ચતુર છે.

યોગ્ય માર્ગ શોધી કાઢશે. ભારત સરકાર તરફથી ઈરાનને સમજાવવા માટેનાં પ્રયત્નો ચાલી રહ્યા છે. ઈરાનની ક્રાન્તિ સેના, રિવોલ્યુશનરી ગાર્ડસ ઈચ્છે છે કે બેરલની કિંમત બસ્સો ડૉલર સુધી પહોંચે. તેઓ કહે છે કે હોર્મુઝ સ્ટ્રેટના રસ્તે એક ટીપું પણ તેલ જવા દેવાશે નહીં. આને કહેવાય પોતાના વિષેનો ખૂબ ઊંચો ભ્રમ. દુનિયાની કુલ ખપતનું માત્ર ચારથી સાડા ચાર ટકા તેલ અને છ ટકા ગેસ ઈરાન પૂરો પાડે છે.

માત્ર આટલી ટકાવારી સાથે ઈરાનને હોર્મુઝની ખાડી લાંબો સમય બંધ રાખવાની પરમિશન દુનિયા આપશે? મુસ્તફા ખામેનીએ અખાતના દેશોને જણાવ્યું છે કે તેઓના દેશોમાં રહેલાં અમેરિકાના સૈન્ય થાણાંઓ બંધ કરાવી દો. જો કે આક્રમણના પ્રથમ દિવસે ઘવાયેલા મુસ્તફા હજી જાહેર જનતા સમક્ષ આવ્યા નથી. એમના પ્રતિનિધિઓ એમનો સંદેશો મિડિયા સમક્ષ વાંચી સંભળાવે છે. અમેરિકા-ઈઝરાયલે એમને પણ હણી નાખવાનું વચન ઉચ્ચાર્યુ છે. એમના માતા, પત્ની, બાળકો પિતા હણાઈ ચૂક્યા છે. આ આગ જલદીથી બુઝાશે નહીં. ●

## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

